# ***મે. એડિશનલ ચીફ જ્યુડિ.મેજિ.સાહેબની કોર્ટમાં, મુ.પાલિતાણા.***

**ફોજદારી કેસ નં–૧૪૮૩/૨૦૨૨.**

સરકારશ્રી. ***.....ફરીયાદી.***

## વિરૂદ્ધ

નરશીભાઈ બાબલાભાઈ પરમાર.

***.....આરોપી.***

***ગુનો:–ધિ બોમ્બે પ્રોહિબિશન એકટની કલમ–૬૬(૧)બી અન્વયે....***

---

## –/:(ઠ રા વ):/–

**7. The finding and in the case of conviction a brief statement of the reasons therefore-**

(૧) ફરીયાદ પક્ષના આક્ષેપ મુજબ હાલના આરોપીએ આંક–૧ના કોલમ નં.–૫માં જણાવ્યા મુજબ બોમ્બે પ્રોહિ.એકટની કલમ–૬૬(૧)બી મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ છે. આરોપીએ કોર્ટ રૂબરૂ હાજર થયા બાદ, તેઓને પોલીસ પેપર્સની નકલ આપેલ છે. ત્યારબાદ તેઓની સામે ઈન્સાફી કાર્યવાહી શરૂ થાય તે પહેલા, આરોપીએ તેઓની સામે જે ગુનાનો આક્ષેપ છે તે તેઓને કબૂલ છે તેવું જણાવેલ છે, તે મતલબની કબૂલાત પુરસીસ તેઓએ આ કામે આંક–૪થી રજુ કરી છે અને તેઓને જણાવવામાં આવ્યુ છે કે તેઓ ગુનો કબૂલ કરવા બંધાયેલ નથી તેમ છતાં, તેઓ ગુનો કબૂલ કરવા માંગે છે તેવું જણાવે છે. તેથી સદર કબૂલાત કાયદેસર, સ્વૈચ્છિક અને ખરી હોવાનું જણાઈ આવતા, તે રેકર્ડ કરવામાં આવી છે. ત્યારબાદ, આરોપીને તેઓની સામેના ગુના બાબતેનું સંજ્ઞાન આપી, આંક–૩થી પ્લી રેકર્ડ કરવામાં આવી છે તેમાં પણ, આરોપીએ ગુનો કબૂલ હોવાનું જણાવેલ છે.

(૨) આરોપીએ જે ગુના કબૂલાતની પુરસીસ આપેલ છે તેમાં, તેઓએ જણાવેલ છે કે, તેઓ ગરીબ માણસ છે, ઘરમાં પોતે એક જ કમાનાર વ્યક્તિ છે, ઘરના તમામ વ્યક્તિના ભરણપોષણની જવાબદારી તેમના પર છે તેમજ ગુના બાબતે પસ્તાવો વ્યકત કરેલ છે અને ભવિષ્યમાં આવો કોઈ ગુનો નહીં કરે તેની ખાતરી આપેલ છે અને દયા કરી, જેમ બને તેમ ઓછી સજા કરવા અરજ કરેલી છે.

(૩) આરોપીની કબૂલાત પુરસીસ વંચાણે લેતા તેમજ આરોપી પક્ષે અદાલત સમક્ષ કરવામાં આવેલી રજુઆતોને લક્ષમાં લેતા તેમજ સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હિરાચંદજી ઠાકોર, ૨૦૦૫(૧), જી.એલ. આર.–૭૦૯ તેમજ રમેશચંદ્ર ભીખાલાલ સોની વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૧૩(૨), જી.એલ. આર.–૯૭૪

પર પ્રસિદ્ધ થયેલ નામ.ગુજરાત હાઈકોર્ટના ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિદ્ધાંતો તથા કેસના સંજોગો ધ્યાને લેતા, જો પૂરતા કારણો જણાય તો, અદાલત ન્યુનતમ કરતા ઓછી સજા પણ કરી શકે છે. આમ ઉપરોકત સંજોગો, ચુકાદા અને આરોપીની કબૂલાત ધ્યાને લેતા, આરોપીને સજા કરવી જોઈએ તેવું નમ્ર પણે માનવું છે.

(૪) આરોપીની કબૂલાત પુરસીસને લક્ષમાં લેતા તેમજ આરોપીની કોર્ટ સમક્ષની રજુઆત લક્ષમાં લેતા, આરોપી ગરીબ કુટુંબમાંથી આવતા હોઈ, આરોપી કુટુંબનો એકમાત્ર આધાર હોઈ, જો લાંબા સમય સુધી કેદની સજા કરવામાં આવે તો, તેમના કુટુંબના ભરણપોષણનો પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ છે અને આરોપીના કથિત કૃત્યની સજા આડકતરી રીતે તેના કુટુંબીજનોને થનાર હોઈ, આરોપીએ ગુના સબબ પસ્તાવો પણ વ્યકત કરેલ હોઈ, ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહી બને તેવી ખાતરી પણ આપતા હોઈ, કેસના સંજોગો, ગુનાનો પ્રકાર, ગુનાને લગતી સજાની જોગવાઈ અને આરોપી દ્વારા કરવામાં આવેલી રજુઆતને લક્ષમાં લેતા તેમજ નામ.ગુજરાત હાઈકોર્ટ દ્વારા ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિદ્ધાંતોને લક્ષમાં લેતા, આરોપીને લાંબા સમયની કેદની સજા કરવાને બદલે, હળવી સજા કરવાને પાત્ર હાથ ઉપરનો કેસ હોય જેથી આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા અને દંડ કરતી વખતે પણ આરોપીની દારૂણ અવસ્થાને ઉવેખી શકાય નહીં અને આરોપીની સ્થિતિ જોતા તથા કરવામાં આવેલી રજુઆતોને લક્ષમાં લેતા, ઓછી રકમનો દંડ કરવાથી ન્યાયનો હેતુ જળવાશે. જેથી આરોપીને તેમની સામેના ગુના સબબ તકસીરવાન ઠરાવવા રહ્યા ; જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**8. <u>Sentence of final Order :-</u>**

**<u>–::/(હુ ક મ)/::–</u>**

(૧) આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૫૨ અન્વયે, ધિ બોમ્બે પ્રોહિ. એકટની કલમ–૬૬(૧)બી મુજબના શિક્ષાપાત્ર ગુન્હા સબબ તકસીરવાન ઠરાવી રૂ.૧૦૦/–(અંકે રૂપિયા એકસો પુરા)નો દંડ, દંડ ન ભરે તો આરોપીને દિન–૧૦ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ–૧૨, માહે–નવેમ્બર, સને–૨૦૨૨ના રોજ લોક–અદાલતમાં વાંચી–સંભળાવી, જાહેર કર્યો.

સ્થળ : પાલિતાણા.

**(મેહુલ યોગેશભાઈ વ્યાસ)**
એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ,
પાલિતાણા.
(કોડ નં.–જી.જે.૦૧૦૯૨).

એચ.બી.જોષી(પી.એ.).